Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/તાલીમ/૨૦૨૨/વશી.૬૮/ ૩૧૭૦

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૨ /૦૨/૨૦૨૨ (૩)

પ્રતિ,
આચાર્યશ્રી,
સામેલ યાદી મુજબની શાળાઓ તરફ...
સુરત

વિષય :- નવનિયુક્ત પામેલ ગ્રાન્ટ ઈન એઈડ શાળાના ગુજરાતી(માધ્યમિક) વિષયના શિક્ષકોની તાલીમ બાબત.
સંદર્ભ :- એસટીટીઆઈ કો-ઓર્ડીનિટરશ્રીના પત્ર ક્રમાંક : STTI/Gujarati(Sec.)/470-484/2022 તા.૨૫/૦૨/૨૦૨૨

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આ સાથે સામેલ યાદી મુજબનાં ગ્રાન્ટ ઈન એઈડ શાળાના માંધ્યમિક વીભાગમાં નવનિયુક્ત ગુજરાતી વિષયનાં શિક્ષકોના જ્ઞાનમાં અભિવૃદ્દિધ થાય તે માટે જી.સી.ઈ.આર.ટી. નાં માર્ગદર્શન હેઠળ એસ.ટી.ટી.આઈ સંસ્થા ખાતે ગુજરાતી (માધ્યમિક) વિષયના તાલીમનું આયોજન કરેલ હોય સદર તાલીમમાં સબંધિત વિષય શિક્ષકોને બિનચૂક હાજર રહેવા આપની કક્ષાએથી જરૂરી સુચના આપવા જણાવવામાં આવે છે. તેમજ તાલીમ વખતે બિડાણમા આપેલ સૂચનાઓનું અવશ્ય પાલન કરવાનું રહેશે.

**સ્થળ :-** સ્ટેટ ટીચર્સ ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ (STTI), જી.સી.ઇ.આર.ટી. કેમ્પસ, વિદ્યાભવન, બાલારામ પરિસર/ઉમિયા માતાજી મંદિર પાસે, સેકટર-૧૨, ગાંધીનગર
**તારીખ :-** ૦૭/૦૩/૨૦૨૨ થી ૦૯/૦૩/૨૦૨૨
**સમય :-** સવારે ૧૦:૩૦ થી સાંજે ૦૬:૦૦ કલાક
તાલીમ રજીસ્ટ્રેશન સમય : સવારે ૧૦:૦૦ કલાકે

(એચ.એચ.રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉપર મુજબ

| Grant In Aid School Teachers list (Gujarati - Secondary) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **Sr. No.** | **District** | **Candidate Name** | **Subject** | **SCHOOL NAME** | **Block Name** | **Village Name** |
| 29 | Surat | Mr. NANJIBHAI MAKABHAI VASAVA | Gujarati | SIR V.D.T.GIRLS HIGH SCHOOL, SURAT | SURAT | SURAT CITY |
| 30 | Surat | MITALBEN RAMKUBHAI VALA | Gujarati | SHRI V.F.CHAUDHARI HIGH SCHOOL, MANDAVI | MANDVI | MANDVI |
| 31 | Surat | CHETANKUMAR JIVRAJBHAI NATHANI | Gujarati | U.B.VIDHYALAY, AMALSADI | PALSANA | AMALSADI |
| 32 | Surat | PRATIBHABAHEN DALPATBHAI PATEL | Gujarati | K.V.MEHTA VIDHYALAYA, CHALTHAN | PALSANA | CHALTHAN |
| 33 | Surat | DIPEN BHARATKUMAR DEVMURARI | Gujarati | B.A.B.A.S. HIGH SCHOOL, BARDOLI | BARDOLI | BARDOLI |
| 34 | Surat | PARULBEN BHARATGIRI GOSAI | Gujarati | PTEL R.S.VIDYALAY,ORANA | KAMREJ | ORNA |
| 35 | Surat | PRIYANKABEN KALIDASBHAI GAMIT | Gujarati | SHRI N.D.DESAI SARVAJANIK HIGH SCHOOL,VANKAL,- | MANGROL | VANKAL |
| 36 | Surat | NISHABEN JESINGBHAI CHAUDHARI | Gujarati | SHRI N. B. PATEL S.V.SARV. HIGH SCHOOL | BARDOLI | SARBHON |
| 37 | Surat | TORALBEN CHANDUBHAI VASAVA | Gujarati | ST.SRI P.H.BCHKANIWALA VIDHYA MANDIR` | SURAT | SURAT CITY |

# સ્ટેટ ટીચર્સ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ

## (જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર)

"વિદ્યાભવન", ઉમિયા માતાજી મંદિર પાસે, ઉદ્યોગ ભવન સામે, સેક્ટર-૧૨,
ગાંધીનગર-૩૮૨૦૧૬ (ગુજરાત)

ફોન નં.- ૦૭૯-૨૩૨૪૬૫૧૧, *E-mail:-* stti.gujarat@gmail.com


Ref.no: STTI/Gujarati (Sec)/1170-1184/2022 તારીખ :- 25/02/2022

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

જિલ્લો - ગીર સોમનાથ, જામનગર, ખેડા, કચ્છ, મોરબી, નર્મદા, નવસારી,પાટણ, પોરબંદર, સુરત, સુરેન્દ્રનગર, તાપી, વડોદરા, વલસાડ

વિષય:- નવનિયુક્ત પામેલ ગ્રાન્ટ ઇન એઇડ શાળાના ગુજરાતી (માધ્યમિક) વિષયના શિક્ષકોની તાલીમ બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આપશ્રીના જીલ્લામાં તાજેતરમાં ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક શાળામાં નવનિયુક્ત પામેલા ગુજરાતી (માધ્યમિક) વિષયના શિક્ષકોના જ્ઞાનમાં અભિવૃદ્ધિ થાય તે માટે જી.સી.ઈ.આર.ટી. ના માર્ગદર્શન હેઠળ એસ. ટી. ટી. આઇ. સંસ્થા ખાતે તારીખ: ૦૭/03/૨૦૨૨ થી ૦૯/03/૨૦૨૨ દરમિયાન ગુજરાતી (માધ્યમિક) વિષયના તાલીમનું આયોજન કરેલ છે. આપના જિલ્લાની શાળામાં યાદી મુજબના શિક્ષકોને તાલીમમાં મોકલવાના રહેશે. જે અંગેની યાદી આ સાથે (Excel Sheet)સામેલ છે. જેમને આપની કક્ષાએથી તાલીમમાં અચૂક હાજર રહેવા અંગે જરૂરી આદેશો કરવા નમ્ર વિનંતી.

સ્થળ: સ્ટેટ ટિચર્સ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ, (S.T.T.I.) જી.સી.ઇ.આર.ટી. કેમ્પસ,
વિદ્યાભવન , બલરામ પરિસર/ ઉમિયા માતાજી મંદિર પાસે,
સેક્ટર -૧૨, ગાંધીનગર.( સંસ્થાની નજીકનું બસસ્ટેન્ડ પથિકાશ્રમ છે.)
તારીખ: ૦૭/03/૨૦૨૨ થી ૦૯/03/૨૦૨૨
સમય: સવારે ૧૦-30 થી સાંજે ૦૬-00
તાલીમ રજીસ્ટ્રેશન સમય :સવારે ૧૦-00 કલાકે

Ameri..

કો-ઓર્ડીનેટર
એસ.ટી.ટી.આઇ.
ગાંધીનગર

બિડાણ: જીલ્લાવાર તાલીમાર્થી શિક્ષકોની યાદી. :- ગીર સોમનાથ(૧), જામનગર(૨), ખેડા(૯), કચ્છ(3), મોરબી(3), નર્મદા(૨), નવસારી(૪), પાટણ(3), પોરબંદર(૧), સુરત(૯), સુરેન્દ્રનગર(૮), તાપી(૫), વડોદરા(3), વલસાડ(૭).

## <u>તાલીમ માટે આવશ્યક સુચનાઓ</u>

૧. તાલીમમાં દરેક તાલીમાર્થી શિક્ષકે તાલીમના પ્રથમ દિવસે ૧૦-૦૦ કલાક પહેલા એસ.ટી.ટી.આઇ માં અચૂક હાજર રહેવું.

૨. જે તાલીમાર્થી શિક્ષકો સમયસર હાજર ન રહે તેઓને અત્રેની કચેરીથી T. A. / D. A. ચૂકવવામાં નહિ આવે. અને તેવા તાલીમાર્થી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની રહેશે.

૩. તાલીમ સંબંધિત વિષયનું પાઠ્યપુસ્તક અવશ્ય સાથે લાવવાનું રહેશે.

૪. તાલીમમાં આવનાર તાલીમાર્થીઓને ટી.એ./ ડી. એ. નું ચુકવણું (NEFT) પધ્ધતિ દ્વારા ચુકવવાનું હોવાંથી તાલીમાર્થી શિક્ષકોએ પોતાનો પગાર જમા થતો હોય તે બેંકનું નામ, બ્રાન્ચનું નામ, બેંક ખાતા નંબર, તથા બેંકનો IFSC CODE ફરજીયાત આપવાનો રહેશે.

૫. તાલીમમાં આવનાર તાલીમાર્થીએ શિક્ષક પ્રતિભાને છાજે તે રીતનો પહેરવેશ પહેરીને તાલીમમાં આવવાનું રહેશે. ટી.શર્ટ અને જીન્સ અથવા એવો કોઇ અશોભનીય પહેરવેશ જે શિક્ષક્ની પ્રતિભાને શોભે નહી તેવો પહેરવેશ એસટીટીઆઇમાં તાલીમ દરમ્યાન પહેરવાની સખ્ત મનાઇ છે.

૬. એસટીટીઆઇની તાલીમ દરમિયાન તાલીમાર્થી શિક્ષકોએ ચુસ્તપણે નિયમોનું પાલન કરવાનું રહેશે.

૭. સદર હું તાલીમમાં નિર્ધારિત સમય કરતાં મોડા આવનાર તેમજ ગેરહાજર રહેનાર તાલીમાર્થી શિક્ષકો સામે જિલ્લા શિક્ષણાધિકરીશ્રીની કચેરી તરફથી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.